## <u>ક્રિમીનલ ઈન્કવારી નંબર : ૦૫/૨૦૨૬</u>

## <u>આંક ૧ તળે હુકમ</u>

૧. સાંભળ્યા, ફરીયાદ, રજુ દસ્તાવેજો સોગંદનામું વંચાણે લીધા.

૨. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઈન્ડિયન બેંક એસોસિએશન વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકાના પેરા ૬ તથા ૨૧ વંચાણે લેતા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા **Suo Motu Writ Petition No. 2 of 2020 reported as AIR 2021 SC 1957,** માં જણાવેલ છે કે "..inquiry shall be conducted on receipt of complaints under Section 138 of the Act to arrive at sufficient grounds to proceed against the accused, when such accused resides beyond the territorial jurisdiction of the Court. Perusal of the complaint, accused resides beyond the territorial jurisdiction of this Court." ત્યારે ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ સાથે કલમ ૧૪૨ વાંચતા આક્ષેપિત ગુનાની ફરીયાદ દાખલ થાય ત્યારે આરોપી દ્વારા સોગંદનામુ રજુ કરવાનું રહે છે ફરિયાદી દ્વારા રજુ સોગંદનામું તથા દસ્તાવેજને બારીકાઈથી ધ્યાને લીધા બાદ નામદાર કોર્ટ આરોપી સામે કોગ્નિઝન્સ લઈ શકશે ત્યારે હાલના કેસમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા સોગંદનામુ તથા ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમની કલમ ૧૪૨ ની જોગવાઈ ધ્યાને લીધી ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના આવશ્યક તત્વો વંચાણે લેતા ચેક નિયત સમયમાં રજુ થયેલ દેખાય છે તેમજ ચેકનો અસ્વીકાર થયા બાદ ફરીયાદ પક્ષે એક માસની અંદર આરોપીને નોટિસ આપવામાં આવેલ જણાય છે જે રજી. એડી કર્યાની સ્લીપ રજુ છે સાથે સાથે ટ્રેક રિપોર્ટ પણ રજુ છે જે જોતાં બજી ગયેલાનું પ્રિઝમશન થાય છે. જે તમામ વિગત ધ્યાને લેતાં હાલની ફરીયાદ નોટિસ બજવણી બાદ નિયત સમયમાં કરવામાં આવેલ છે.

૩. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના આવશ્યક તત્વો, રજુ દસ્તાવેજ જોતા ભારતીય સુરક્ષા સંહિતા અધિનિયમની જોગવાઈ ધ્યાને લઈ આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવા અરજ ગુજારેલ છે.

## <u>-::હુકમ::-</u>

૧. હાલની ઈન્કવાયરી ફેસલ કરી ફરિયાદ ક્રિમિનલ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આરોપી સામે ભારતીય સુરક્ષા સંહિતા અધિનિયમની જોગવાઈ મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ

૧૩૮ સંબંધે આરોપીને જામીન સાથે હાજર રહેવા સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આરોપીને બજવણી થયેથી આક્ષેપિત ગુન્હા સંબંધે જો આરોપી સમાધાન કરવા માંગતા હોય તો મુકરર તારીખે આરોપીએ અરજી આપવાની રહેશે.

**૨.** સદર કેસની મુદત તારીખ ૧૫–૦૪–૨૦૨૬ ના રોજની ઠરાવવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬–૦૩–૨૦૨૬
થાનગઢ

વિપુલ કે. વાઘેલા
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
થાનગઢ
**જીજે૦૧૪૬૫**